|| ૐ શ્રી સાઈરામ ||

|| ૐ શ્રી સાઈ લોકબાંધવાય નમઃ|| (૪૧)

# ત્રિલોકમાંના પ્રાણીમાત્રના આપ્ત હોવાવાળા

# શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

સમસ્ત વિશ્વના પાલનકર્તા સ્વામી, એકાદ આપ્તજન કરતા પણ અધિક પ્રેમથી બધાને સંભાળે છે. તેમની બધી અડચણો દૂર કરીને ભવસાગર પાર કરવામાં મદદ કરે છે.

ભગવાન બાબા પોતાના ભક્તો પાસેથી આવા જ વર્તનની અપેક્ષા રાખે છે. તે કહે છે - "તમે પ્રત્યક્ષ મદદ ન કરી શકતા હો, તો પણ વાંધો નહીં, પણ કોઈને દુઃખ પહોંચે એવું વર્તન પણ ન કરતા. જરૂરિયાતમંદ પાસે જઈને, તેમનામાંના જ એક હો એવી રીતે તેમની સાથે મૈત્રીભર્યું વર્તન કરો, તેમના શારીરિક અથવા માનસિક દુ:ખ ઓછી કરી શકતા હો તો ચોક્કસ કરો."

પહેલાંના વખતમાં અત્યાર જેવી સુખ સુવિધા આશ્રમમાં નહોતી. તે વખતે સેવાદળના સ્વયંસેવકોને ઉદ્દેશીને સ્વામી કહેતા – 'અહીંયાં બધા 'સાઈ' માટે આવે છે, તમારા માટે નહીં. બધા લોકો ઘણો ત્રાસ સહન કરીને, અડચણોનો સામનો કરીને અહીંયાં આવે છે. બધા લોકો ઘરના હજારો પ્રશ્નો, કેટલાંય સંકટો અને ત્રાસ લઈને અહીં આવે છે. તેમને ફક્ત સાઈને પોતાની આંખોમાં ભરીને સુખી અને શાંત થવું હોય છે. તેથી તમે અત્યંત મૃદુતાથી, પ્રેમથી પોતાના ભાઈ-બહેનો સાથે બોલો છો તેમ બોલીને તેમને મન:શાંતિ આપો.'

"મારું જીવન એ જ મારો સંદેશ છે " એવું કહેવાવાળા સ્વામીની આ અલૌકિક કૃતિ તે લોકબાંધવ છે એની સાક્ષી આપે છે.

પ્રશાંતિનિલયમની સ્થાપના પૂર્વેની આ એક હકીકત, સ્વામીના ભક્ત હોવાવાળા એક પતિ-પત્ની તેમના દીકરાને લઈને સ્વામીના દર્શને આવ્યાં. તે વખતે તે છોકરાના પેટમાં સતત દુઃખાવો થતો અને અતિસારનો ત્રાસ થતો. રાત્રીને સમયે પણ તેને બે-ત્રણ વાર શૌચવિધિ માટે (ડુંગર પર) જવું પડતું. તેમાં જ તેના માતાપિતાને કોઈ કામ નિમિત્તે તેમને ગામ પાછું જવું પડ્યું અને તેઓ તેમના દીકરાને સ્વામીને હવાલે કરીને નીકળી ગયા. વિશ્વના પાલનહાર સ્વામી, તે છોકરાનું પાલન ન કરે? તે વખતે શૌચાલય નહોતા. તેથી રાત્રીને સમયે સ્વામી પોતે પાણી લઈને તેની સાથે જતા. એક દિવસ તે છોકરો જ્યારે રાત્રીને સમયે ઊઠયો અને મને બહાર જવું છે એમ કહેવા લાગ્યો ત્યારે

સ્વામી તેને વઢવાના સ્વરમાં બોલ્યા- " બહાર નથી જવાનું. અહીંયાં જ બેસ.' સ્વામી તેની સામે જ જોતા હતા. એક કલાક પછી તેનો પેટનો દુઃખાવો મટી ગયો અને અતિસારનો ત્રાસ પણ બંધ થઈ ગયો અને તે શાંતિથી સૂઈ ગયો.

સાક્ષાત્ ઈશ્વરે ભક્તની આવી સેવા કરવાનું કામ ત્તપૂર્વે (આના પહેલાં) પણ કર્યું છે. એકનાથ મહારાજને ઘરે શ્રીખંડયા નામ ધારણ કરીને તેમની સેવા કરવી, સંત જનાબાઈના કપડાં ધોવા, સંત કબીરના કપડાં વણવાં, અર્જુનનો રથ ચલાવવો, દ્રૌપદીની ચપ્પલ પકડવી તેના કરતા ઉપરની સેવા અધિક ઉચ્ચત્તમ છે. કેવળ પોતાનો આપ્તેષ્ટ (સગો) જ આવી સેવા કરી શકે છે અને સ્વામી આપણાં બધામાં, ' લોક બાંધવ ' હોવાથી આનંદથી ભક્તોની સેવા કરે છે.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||